પાલિકાની બેવડી નીતિ સામે રહીશોમાં ભારે આક્રોશ અને અસંતોષ

પાલિકાએ સ્ટ્રીટ લાઈટો ઉતારી લીધી

પૂરમાં દીવાલ તૂટ્યા બાદ રહીશોએ સ્વ-ખર્ચે લાઈટો મુકાવી હતી

મોગરાવાડીના રસ્તા છ મહિનાથી બિસમાર રજૂઆતો છતાં કોઈ અધિકારી કે કર્મચારી ડોકાયા નહીં

માત્ર એક ફરિયાદ મળતા જ ચીફ ઓફિસરે તાત્કાલિક ધોરણે લાઈટો કાઢવા માણસો મોકલી આપ્યા

વલસાડ : વલસાડ શહેરના મોગરાવાડી વિસ્તારમાં આવેલી અક્ષરધામ રેસિડેન્સીમાં નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ લાઈટો ઉતારી લેવામાં આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

ગત ૨૩ તારીખે આવેલા ભારે પૂર દરમિયાન ઔરંગા નદીના ધસમસતા પાણીના પ્રવાહને કારણે અક્ષરધામ રેસિડેન્સીની સંરક્ષણ દીવાલ તૂટી પડી હતી. દીવાલ તૂટી જવાથી નદી તરફનો માર્ગ ખુલ્લો થઈ ગયો હતો, જેના કારણે અંધારામાં ઝેરી જનાવરો કે હિંસક પ્રાણીઓ સોસાયટીમાં ઘૂસી જવાનો ગંભીર ભય ઊભો થયો હતો. રહીશોની સુરક્ષા અને સલામતીને ધ્યાને રાખીને, સ્થાનિકોએ પોતાના સ્વ-ખર્ચે સ્ટ્રીટ લાઈટો ખરીદી હતી અને નગરપાલિકાની જાણ હેઠળ જ ત્યાં લાઈટો મુકાવી હતી.

જોકે, આજરોજ વહેલી સવારે કોઈ અન્ય સોસાયટીના રહીશ દ્વારા ફરિયાદ કરવામાં આવતા, નગરપાલિકાના ચીફ ઓફિસર (CO)ની સૂચનાથી પાલિકાની લાઈટ શાખાની ટીમે આવીને આ તમામ સ્ટ્રીટ લાઈટો કાઢી નાખી હતી. આ કાર્યવાહીથી સ્થાનિક રહીશો ચોંકી ગયા હતા અને ઘટના સ્થળે ભારે વિવાદ સર્જાયો હતો.

સ્થાનિક રહીશોએ પોતાનો રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, મોગરાવાડી વિસ્તારના મુખ્ય રસ્તાઓ છેલ્લા છ મહિનાથી અત્યંત બિસ્માર અને ખરાબ હાલતમાં છે. આ અંગે પાલિકા તંત્રને અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કોઈ અધિકારી કે કર્મચારી તપાસ માટે પણ ડોકાયા નથી. બીજી તરફ, માત્ર એક ફરિયાદ મળતા જ ચીફ ઓફિસરે તાત્કાલિક ધોરણે લાઈટો કાઢવા માણસો મોકલી આપ્યા, જે પાલિકાની બેવડી નીતિ દર્શાવે છે.

પાયાની સુવિધાઓ અને સુરક્ષા મળતી નથી

સોસાયટીના લોકોનું કહેવું છે કે, અમે પણ નિયમિતપણે નગરપાલિકાનો તમામ પ્રકારનો વેરો ભરીએ છીએ, તેમ છતાં અમને પાયાની સુવિધાઓ અને સુરક્ષા મળતી નથી. સ્થાનિકોએ માગ કરી છે કે, તૂટેલી દીવાલ પાસે તાત્કાલિક લાઈટો પુનઃ શરૂ કરવામાં આવે અને બિસ્માર રસ્તાઓનું વહેલી તકે રિપેરિંગ કરવામાં આવે.

નવસારી રેલ્વે સ્ટેશન પરથી સ્કૂટરની ચોરી

વલસાડ : નવસારી રેલ્વે સ્ટેશનના ફૂટ ઓવરબ્રિજ નજીક પાર્ક કરેલી મોટરસાઈકલની ચોરી કરવામાં આવી છે. નવસારી રહેતા અને વાપીમાં વેપાર કરતા ૪૫ વર્ષીય વરજાંગભાઈ બાની વાપી ટ્રેનમાં અપ-ડાઉન કરે છે. ગત તા. ૧૩/૦૬/૨૦૨૬ ના રોજ સવારે સ્કૂટર (નં GJ 05 MP 1643) નવસારી રેલ્વે સ્ટેશનના ઓવરબ્રિજ બાજુમાં પાર્ક કરી હતી. સાંજે વાપીથી પરત આવ્યા બાદ તપાસ કરતા પાર્ક કરેલું સ્કૂટર તે જગ્યા પર મળી આવ્યું ન હતું. આસપાસના વિસ્તાર અને પાર્કિંગમાં શોધખોળ કરવા છતાં વાહનનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારે વરજાંગભાઈ બાનીએ વલસાડ રેલ્વે પોલીસ સ્ટેશનમાં આવી સ્કૂટરની ચોરી અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે.

સંક્ષિપ્ત સમાચાર

વલસાડના તડકેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસમં ભક્તોની ભારે ભીડ જામશે

વલસાડ: આવતી કાલથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે, જેને લઈને વલસાડ સહિત સમગ્ર પંથકના શિવાલયોમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો છે. શ્રાવણ મહિના દરમિયાન વલસાડના જાણીતા અબ્રામા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત તડકેશ્વર મહાદેવ મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભક્તજનો દર્શનાર્થે ઉમટી પડશે. આગામી એક મહિના સુધી આ પવિત્ર સ્થળે શ્રદ્ધાળુઓનો ધસારો રહેશે અને હર હર મહાદેવના નાદ સાથે સમગ્ર પરિસરમાં આધ્યાત્મિક વાતાવરણ જોવા મળશે. ભક્તો શાંતિ અને શ્રદ્ધા સાથે ભગવાન ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવશે.

પારડીના ડુંગરી ગામે ટ્રક ઝાડ સાથે અથડાતા ચાલકનો જીવ ગયો

પારડી : પારડી તાલુકાના ડુંગરી ગામ નજીક એક ટ્રક ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક રોડ સાઈડમાં આવેલા આંબાના ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં ટ્રકચાલકનો જીવ ગયો હતો. ટ્રક નંબર GJ-15-AT-3115 દમણથી ઈલેક્ટ્રીક પેનલ બોર્ડ ભરીને વલસાડ ખાલી કરવા ગઈ હતી. પરત ફરતી વખતે ટ્રકચાલક અનિલ બાબુરાવ કુંડે ગાડી પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રહ્યા હતા, તે દરમિયાન સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ડુંગરી ગામ પાસે રેંટલાવથી પરીયા જતા રોડ પર ટ્રક આંબાના ઝાડ સાથે અથડાતા ટ્રકના કેબિનનો ફૂડચો વળી ગયો હતો અને ડ્રાઇવર અનિલને ગંભીર ઇજાઓ પહોંચતા હતી. જેને ૧૦૮ ની ટીમે મૃત જાહેર કર્યા હતા. ટ્રક સંચાલક વિઠ્ઠલ શિવાજી જયવલ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પારડી પોલીસે મૃતદેહને પીએમ અર્થે ઓરવાડ સરકારી દવાખાને ખસેડવાની કામગીરી હાથ ધરી હતી. ટ્રક માલિકની ફરિયાદના આધારે પારડી પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી. એલ. વસાવાએ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાપી ડુંગરામાં રાયોટીંગના ગુનામાં ફરાર બાળકિશોર ઝડપાયો

વાપી : વાપીના ડુંગરા પોલીસ મથકમાં વર્ષ 2026 માં રાયોટીંગનો ગુનો નોંધાયેલો હતો અને તે ગુનામાં ભાગતો ફરતા બાળકિશોરને વલસાડ એલસીબી ટીમે વાપી વિસ્તારમાંથી શોધી કાઢ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આજે વાપીમાં 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ અંતર્ગત તિરંગા યાત્રાનું આયોજન

વાપી : વલસાડ જિલ્લાના વાપીમાં રાષ્ટ્રપ્રેમ અને એકતાના પ્રતિક સમી 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. 'વંદે માતરમ' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ઉજવણીના ભાગરૂપે, જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી મહાનગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા સંયુક્તરૂપે વાપી મુકામે 'વલસાડ જિલ્લા તિરંગા યાત્રા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'વલસાડ જિલ્લા તિરંગા યાત્રા' તા. ૧૩-૦૮-૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે વાપીના શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી પ્રસ્થાન કરશે. આ યાત્રા તેના નિર્ધારિત રૂટ મુજબ શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શરૂ થઈને વંદે માતરમ ચોક, રોટરી સર્કલ અને માં ફાઉન્ડેશન સર્કલ થઈને શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે સંપન્ન થશે. આ રાષ્ટ્રીય પર્વની શાનદીમાં સહભાગી થવા અને દેશપ્રેમ વ્યક્ત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી મહાનગરપાલિકા દ્વારા સર્વે જાહેર જનતાને આ યાત્રામાં જોડાવા જણાવાયું છે.

વાપીમાં ફોનની બબાલ, દુકાનદાર-પત્રકારોની સામસામી ફરિયાદ

વાપીમાં મોબાઈલના ચાર્જિંગ પ્રશ્ને ગ્રાહકે મીડિયાને જાણ કરતાં મામલો ગરમાયો

વાપી : વાપી કોપરલી રોડ, ગોદાલનગર ખાતે આવેલી એક મોબાઈલ શોપમાં મોબાઈલ ફોનના ચાર્જિંગની સમસ્યાને લઈને સર્જાયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આ બનાવ અંગે દુકાન સંચાલક અને મીડિયાકર્મીઓ વચ્ચે બોલાચાલી તેમજ બબાલ થતાં બંને પક્ષો દ્વારા વાપી ટાઉન પોલીસ મથકમાં સામસામી પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, વલસાડ તિથલ રોડ પર રહેતા રાહુલકુમાર વિનોદભાઈ પ્રજાપતિની વાપી કોપરલી રોડ પર મોબાઈલની દુકાન આવેલી છે. તેમની દુકાનેથી એક ગ્રાહકે મોબાઈલ ખરીદ્યો હતો, જેમાં ચાર્જિંગનો પ્રશ્ન આવતા તેણે દુકાનનો સંપર્ક કર્યો હતો.

દુકાનદારે ફોન રીપેર કે રીપ્લેસ કરી આપવાની વાત કરી હોવા છતાં ગ્રાહકે મીડિયાને જાણ કરી હતી. ત્યારબાદ પત્રકાર અને કેમેરામેન તરીકેની ઓળખ આપતા રાકેશ ઉત્તમ સાલવે, અંજની વિશ્વનાથ શર્મા અને સંદીપ કુંડલીક દુકાને પહોંચ્યા હતા અને મોબાઈલ કેમ નથી બદલી આપતા તેમ કહી સ્ટાફ સાથે ધક્કામુક્કી કરી બબાલ મચાવી હતી. આ અંગે 112 પર કોલ કરતા પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને દુકાનદાર રાહુલ પ્રજાપતિની ફરિયાદ નોંધી હતી.

સામા પક્ષે રાકેશ શાલવેએ પણ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગ્રાહકના ફોન બાદ તેઓ ટીમ સાથે દુકાને પહોંચી ન્યુઝ કવર કરી રહ્યા હતા. તે દરમિયાન દુકાન સંચાલકોએ કેમેરામેનને પકડીને બહાર લઈ જઈને ગાળાગાળી કરી ધમકીઓ આપી હતી. પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધીને સમગ્ર માનેલા વિવાદ અંગે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

૧લી સપ્ટેમ્બરે અરનાલામાં 'ખેડ સત્યાગ્રહ રેલી'નું આયોજન

ખેડૂતો, મહિલાઓ અને બેરોજગાર યુવાનોના પ્રશ્નોને લઈને અવાજ ઉઠાવવા ૬ થી ૭ હજાર ખેડૂતો એકત્ર થશે

અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના નાનાપોંઢાના મરીમાતા ચીવલ ખાતે કોંગ્રેસની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં આગામી ૧ સપ્ટેમ્બરના રોજ અરનાલા ખાતે 'ખેડ સત્યાગ્રહ રેલી'નું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈતિહાસને યાદ કરતા જણાવાયુ કે, ભૂતકાળમાં સ્વ. ઈન્દિરા ગાંધી, સ્વ. ઉત્તમભાઈ પટેલ અને સ્વ. ઈશ્વરભાઈ દેસાઈના નેતૃત્વ હેઠળ થયેલા ઐતિહાસિક આંદોલનના પરિણામે ખેડૂતોને ૧૪ હજાર હેક્ટર જમીનના ખાતેદાર બનાવાયા હતા. તેની સ્મૃતિમાં અને ખેડૂતોને સંગઠિત કરી જમીનની જાળવણી અંગે જાગૃતિ લાવવા રેલીનું આયોજન થઈ રહ્યું છે. જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ વસંત પટેલ અને પારડી તાલુકા કોંગ્રેસ પ્રમુખ સતીશ પટેલે જણાવ્યું કે, સામાન્ય પ્રશ્નો, ખેડૂતોના પ્રશ્નો, મહિલાઓ અને શિક્ષિત બેરોજગાર યુવાનોના પ્રશ્નોને લઈને કોંગ્રેસ વિચારધારા સાથે જોડાયેલા તમામ લોકો રાજ્ય સરકારનું ધ્યાન દોરવા માંગે છે. બેઠકમાં કોંગ્રેસના નાનાપોંઢા તાલુકા પ્રમુખ હરેશ પટેલ, કપરાડાના ઈશ્વર તુમડા, માજી વિરોધ પક્ષના નેતા કાંતિ પટેલ, પારડી તાલુકા પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ઉમેશ સોલંકી

તિરંગા યાત્રામાં લોકોની પાંખી હાજરી જોવા મળી

ઉમરગામના ધારાસભ્યના નિવાસ્થાને યોજાયેલી બેઠકમાં ૨૦૦૦ લોકોના દાવા સામે ૨૦૦ લોકો જ જોડાયા, નેતાઓ પણ મોડા પડ્યા

ઉમરગામ : સંજાણ બાદ ઉમરગામ શહેરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં પણ લોકોની ઓછી હાજરી જોવા મળી હતી.

તિરંગા યાત્રા અને હર ઘર તિરંગાનું આયોજન અંગે ગતરોજ ધારાસભ્ય રમણભાઈ પાટકરના નિવાસ્થાને ભાજપ આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી. કહેવાય છે કે બેઠકમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઉમરગામ તાલુકાના સંજાણ ખાતે તિરંગા યાત્રામાં 2000 લોકો કાર્યકર્તાઓ જોડાશે. જોકે ગત સોમવારે તારીખ 10 ઓગસ્ટના રોજ સંજાણ ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં માંડ માંડ અંદાજે 200 થી પણ ઓછા ભાજપના હોદ્દેદારો કાર્યકર્તાઓ લોકો જોવા મળ્યા હતા.

આજે બુધવારે ઉમરગામ શહેરમાં યોજાયેલી તિરંગા યાત્રામાં પણ ખૂબ ઓછી સંખ્યામાં આંગળીના વેઢે ગણી શકાય એટલા ઓછા લોકો ભાજપ સંગઠન, પાલિકા શહેરના લોકો તિરંગા યાત્રામાં જોડાયા હતા.એટલુ જ નહીં કાર્યક્રમના નિર્ધારિત કરેલા સમય કરતા નેતાઓ જ મોડા પડ્યા હતા. તિરંગા યાત્રામાં શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારો કાર્યકર્તાઓ ઉમરગામ નગરપાલિકાના હોદ્દેદારો સભ્યો શહેરના નાગરિકોની હાજરી ઓછી જોવા મળતા આયોજનનો અભાવ અને પૂરતો પ્રચાર ન કરવાના કારણે ઓછી હાજરી હોવાની ચર્ચાઓ ઉઠવા પામી હતી.

બંધ રૂમમાંથી સૂટકેસમાં પેક કરેલી મહિલાની લાશનો ભેદ ઉકેલાયો

પોલીસે વારાણસીથી આરોપી પતિની ધરપકડ કરી સિલવાસા કોર્ટમાં રજૂ કરતા ૬ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કરાયા

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મહિલાનું મૃત્યુ ગળું દબાવવાને કારણે થયું હોવાનો ખુલાસો થયો

આરોપીને વારાણસીની CJM કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવામાં આવ્યા

આ ઘટના અંગે સિલવાસા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી PSI વિશાલ પટેલને તપાસ સોંપવામાં આવી હતી. પોલીસે તપાસ હાથ ધરતા આરોપી વારાણસી હોવાની માહિતી મળતા પોલીસે વારાણસી પહોંચી મંડુઆડીહ ખાતેથી આરોપી ઋષભ પિંકુ સિંહને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેને વારાણસીની CJM કોર્ટમાં રજૂ કરી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવી સિલવાસા લાવવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ હત્યામાં પોતાની સંડોવણી હોવાની કબૂલાત કરી છે. આરોપીને સિલવાસાની CJM કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે તેના 6 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કર્યા છે. હત્યા પાછળનું મુખ્ય કારણ અને અન્ય વિગતો મેળવવા માટે પોલીસ આગળની તપાસ ચલાવી રહી છે.

વાપી : સેલવાસમાં એક ચાલીના બંધ રૂમના બાથરૂમમાંથી સૂટકેસમાં પેક કરેલી મહિલાની લાશ મળવાના ચકચારી કેસનો સિલવાસા પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે મહિલાની ગળે ટૂંપો આપીને અરેરાટીભરી હત્યા કરનાર ઋષભ પિંકુ સિંહને ઉત્તર પ્રદેશના વારાણસીથી ઝડપી પાડ્યો છે.

ગત 03 ઓગસ્ટ 2026ના રોજ સવારે પટાલિયા ફળિયાના રહીશ જુગેશભાઈ નાગિનભાઈ પટેલે પંચવટી બિલ્ડિંગ સામે અને દાન હોટલ પાછળ આવેલી પોતાની ચાલીના રૂમ નંબર 4ની સફાઈ માટે રૂમ ખોલ્યો હતો.

રૂમની સફાઈ કરતી વખતે બાથરૂમમાંથી તીવ્ર દુર્ગંધ આવતા તપાસ કરતા શંકાસ્પદ સૂટકેસ મળી આવી હતી. સૂટકેસ તપાસતા તેમાંથી માનવ વાળ દેખાતા તેમણે તુરંત સિલવાસા પોલીસ સ્ટેશનને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો વલસાડની મોબાઈલ FSL ટીમ સાથે સ્થળ પર પહોંચ્યો હતો. FSL ટીમની હાજરીમાં સૂટકેસ ખોલવામાં આવતા તેમાંથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિલવાસાની નમો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન મૃતક મહિલાની ઓળખ છોટીકુમારી મનીષ ઉપાધ્યાય તરીકે થઈ હતી. તે બિહારના નવાદા જિલ્લાના સિયૂરના વતની ઋષભ પિંકુ સિંહ સાથે પતિ-પત્ની હોવાની ઓળખ આપીને આ રૂમમાં રહેતી હતી. ઋષભ છેલ્લા કેટલાક દિવસોથી ગાયબ હોવાથી મકાનમાલિકે સફાઈ માટે રૂમ ખોલ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મહિલાનું મૃત્યુ ગળું દબાવવાને કારણે થયું હોવાનો ખુલાસો થયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પત્નિની હત્યા કર્યા બાદ પતિ લાશને શુટકેશમાં મુકી વારણસી ભાગી ગયો હતો. જેને પોલીસે ઝડપી લીધો છે.

મોટી કાંગવી ગામનો યુવક તાન નદીના પુલ પરથી ગુમ, લાશ મળી

ધરમપુર : ધરમપુર તાલુકાના મોટી કાંગવી ગામના ૨૨ વર્ષીય હેમાંશુ શંકરભાઈ ગાંવિત આંબાતલાટ ખાતે તાન નદીના પુલ પરથી ગુમ થયો હતો. યુવકની બાઈક, મોબાઈલ ફોન અને ચંપલ પુલ પરથી મળી આવતાં તે નદીમાં પડ્યા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. હેમાંશુભાઈ સોમવારે ઘરેથી નીકળ્યા બાદ આંબાતલાટ તાન નદીના પુલ પર પહોંચ્યા હતા, પરંતુ ત્યારબાદ તેમનો કોઈ પત્તો લાગ્યો નહોતો. બનાવની જાણ થતાં ધરમપુર પોલીસ અને નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. નદીમાં પાણીના પ્રવાહને ધ્યાનમાં રાખીને તરવૈયાઓની મદદથી યુવકની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે. ગુમ થયેલ યુવક મજબૂત બાંધાના, ઘઉંવર્ણા અને અંદાજે ૫ ફૂટ ૫ ઇંચ ઊંચાઈ ધરાવે છે, તેમજ તેમના જમણા હાથના અંગૂઠા પર અંગ્રેજીમાં 'H' નું છુંદણાનું નિશાન છે. બનાવના ૧૬ કલાક વીતી જવા છતાં યુવકની કોઈ ભાળ ન મળતા પોલીસ અને ગ્રામજનો દ્વારા વિવિધ આશંકાઓ સાથે તપાસ જારી રાખવામાં આવી છે. મોડી સાંજે નદીમાંથી તેની લાશ મળી આવી હતી.

વાપીમાં વિકાસ યોજના તૈયાર કરવા બેઠક યોજાશે

વાપી : વાપી શહેરી વિકાસ સત્તામંડળ માટે વિકાસ યોજના તૈયાર કરવાની કામગીરી અંતર્ગત હિતધારકોના સૂચનો, અભિપ્રાયો મેળવવા ભવિષ્યના આયોજન અંગે ચર્ચા-વિચારણા માટે ચેરમેન વાપી UDA અને કલેક્ટર વલસાડની અધ્યક્ષતામાં સંયુક્ત બેઠકનું આયોજન તા.13-8-2026 ના રોજ પદ્મભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ હોલમાં બપોરે 12 કલાકે મળશે.

પાંડવખડક ગ્રામ પંચાયત કચેરીમાં ૪૮,૫૦૦ના સામાનની ચોરી

કચેરીનું તાળું તોડી તસ્કરો એલસીડી ટીવી, પ્રિન્ટર, હાર્ડ ડિસ્ક અને ખેતીનો પંપ ચોરી ગયા

ધરમપુર : ધરમપુર તાલુકાની પાંડવખડક ગ્રામ પંચાયત કચેરીમાંથી અજાણ્યા તસ્કરે રૂપિયા ૪૮,૫૦૦ની કિંમતના સામાનની ચોરી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે સરપંચ રમેશભાઈ નિકુળિયાએ ધરમપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

રાત્રિના સમયે તસ્કરે પંચાયત કચેરીના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી ૩૨ ઈંચનું એલસીડી ટીવી, પ્રિન્ટર, સીસીટીવીની હાર્ડ ડિસ્ક, ખુરશી અને દવા છાંટવાનો પંપ સહિતનો મુદ્દામાલ ચોરી કર્યો હતો. સવારે કમ્પ્યુટર ઓપરેટર પહોંચતા ઘટના બહાર આવી હતી.શોધખોળ દરમિયાન ઘટનાસ્થળ નજીકથી એક શંકાસ્પદ એક્ટિવા મોપેડ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું, જેથી તસ્કર મોપેડ મૂકીને ભાગી ગયો હોવાની આશંકા છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી જાહેર જનતાને આ નોટીશ આપી જણાવવાનું કે, જીલ્લો નવસારી, તા.નવસારીના મોજે વરૂરવાડના રેવન્યુ દફતરે નોંધાયેલી બ્લોક નં.૧૮૨, જુનો સર્વે નં.૫, આકાર રૂા.૫=૦૦, ખાતા નં.૩૮૭વાળી સુમારે હે.૦- ૯૬-૫૩ચો.મી. વાળી જુની શરતની ખેતિની જમીનના માલિક ૧. પદમાબેન ચંપકભાઈ ઢીમ્મર, ૨. બીનાબેન ચંપકભાઈ ઢીંમ્મર તે સંજયભાઈ ઢીમ્મરના પત્નિ, ૩. નીતાબેન ચંપકભાઈ ઢીમ્મર તે ચેતનકુમાર ઢીમ્મરના પત્નિ, ૪. ભાવનાબેન ચંપકભાઈ ઢીમ્મર તે નિલેષભાઈ ઢીમ્મરના પત્નિ, ૫. રેશ્માબેન મીનેશભાઈ ઢીમ્મર, ૬. સગીર ધ્રુવ મીનેશભાઈ ઢીમ્મર તથા ૭. સગીર ટ્રીશા મીનેશભાઈ ઢીમ્મરનાઓએ તેઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીનમાં કોઈનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દર-દાવો, તર-તકરાર, હિતસંબંધ કે ઇઝમેન્ટ તથા ખાધા ખોરાકી-પોષાકીનો હકક હોય અગર કોઈ બેંક કે સંસ્થાનું લેણું હોય તો તેમણે દિન-૭(સાત) માં લેખિત પુરાવાઓ સહીત અમોને નીચે જણાવેલા સરનામે આવી પુરવાર કરી બતાવવું. જો તેમ કરવામાં કસુર થશે તો ઉપરોકત જમીનમાં કોઇના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, તર-તકરાર, હિતસંબંધ કે અન્ય કોઈપણ જાતના હકકો ન હતા અને નથી, અને જો તેવા કોઇ હકકો હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ સ્થાપિત ગણી અમારા અસીલ મુદત વિત્યે પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની આથી છેવટની લેખિત નોંધ લેવી.

નવિન જે. મોદી-એડવોકેટ એન્ડ નોટરી તથા **હાર્દિક એ. મોદી**-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫-૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ 09, કમ્યુનિટી સેન્ટર, વસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી-110057.
શાખા ઓફિસઃ શોપ નંબર 3, બીજો માળ, પાર્શ્વનાથ શોપિંગ સેન્ટર, રેવન્યુ સર્વે નંબર 115/1, પૈકી પ્લોટ નંબર-1, નવસારી, ગુજરાત. પિન - 396445

જાહેર નોટિસ (ખાનગી કરાર દ્વારા સ્થાવર મિલકતનું વેચાણ)

[સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ના નિયમ 9 સાથે વંચાણે લેતા નિયમ 8 હેઠળ ખાનગી કરાર દ્વારા વેચાણની નોટિસ] સામાન્ય જનતાને અને ખાસ કરીને લોનધારક/સહ-લોનધારક ("દેવાદારો") ને આથી નોટિસ આપવામાં આવે છે કે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ("સિક્યોર્ડ ક્રેડિટર") પાસે ગીરો મૂકેલી નીચે દર્શાવેલ સિક્યોર્ડ મિલકત, જેનો કબ્જો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે ખાનગી કરાર દ્વારા "જેમ છે ત્યાં", "જેમ છે જે સ્થિતિમાં છે" અને "જે કંઈ પણ છે તે"ના ધોરણે વેચવામાં આવશે. ખાનગી કરાર દ્વારા વેચાણ આ પ્રકાશનની તારીખથી પંદર દિવસ (15 દિવસ) પછી કોઈપણ દિવસે થશે. તેની વિગતો નીચે મુજબ વધુ ખાસ કરીને દર્શાવવામાં આવી છે.

લોન એકાઉન્ટ નં.	દેવાદારોના નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને આજની તારીખે રકમ	રિઝર્વ પ્રાઇસ (RP) / અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)	કબ્જાનો પ્રકાર
HHFNVSHOU22000022643 // HHFNVSIPL22000022648	સમીર મહમદશફી મન્સૂરી, મન્સૂરી નાઝનીનસુલ્તાના મોહસમીર	14/10/2025, રૂ. 18,64,576/- (11/08/2026 ના રોજ સુધી)	રૂ. 13,50,000/- / રૂ. 1,35,000/-	પ્રત્યક્ષ

મિલકતનું વર્ણનઃ ફ્લેટ નંબર 403, 4થા માળે, આશરે 99.91 ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ એરિયા અને આશરે 71.10 ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા ધરાવતી સ્થાવર જમીનનો તમામ ટુકડો અને પાર્સલ, સાથે "શ્રી આદિનાથ એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતી સ્કીમમાં 29.18 ચોરસ મીટરનો અવિભાજિત જમીનનો પ્રમાણસર હિસ્સો, જે પ્લોટ નં. 13, 14, 15, 16, 17 પર આવેલ છે, જે રેવન્યુ સર્વે નં. 158 પૈકી, સિટી સર્વે નં. 4718 પૈકી શીટ નં. 117, ફાઇનલ પ્લોટ નં. 59 અને 69 ટી.પી. સ્કીમ નં. 03, મોજેઃ નવસારી, તાલુકા નવસારી સિટી, રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ નવસારી, ગુજરાત રાજ્યમાં આવેલ છે. ટાઇટલ ડોક્યુમેન્ટમાં લખેલ કોમન સુવિધાઓ સાથે. ગુજરાત લાઈટ કંપની લિ. સર્વિસ નં. 42852027976 અને મીટર નં. DGSP955781. મિલકતની સીમાઓઃ પૂર્વઃ અડીને આવેલો પેસેજ, પશ્ચિમઃ અડીને આવેલો પેસેજ, લિફ્ટ અને ફ્લેટ નં. 402. ઉત્તરઃ અડીને આવેલો પેસેજ, દક્ષિણઃ અડીને આવેલો પેસેજ.

HHFNVSHOU22000022638 // HHFNVSIPL22000022641	સમીર મહમદશફી મન્સૂરી, મન્સૂરી નાઝનીનસુલ્તાના મોહસમીર	14/10/2025, રૂ. 18,13,984/- (11/08/2026 ના રોજ સુધી)	રૂ. 13,35,000/- / રૂ. 1,33,500/-	પ્રત્યક્ષ

મિલકતનું વર્ણનઃ ફ્લેટ નંબર 402, 4થા માળે, આશરે 51.12 ચોરસ મીટર સુપર બિલ્ટ-અપ એરિયા અને આશરે 72.02 ચોરસ મીટર બિલ્ટ-અપ એરિયા ધરાવતી સ્થાવર જમીનનો તમામ ટુકડો અને પાર્સલ, સાથે "શ્રી આદિનાથ એપાર્ટમ